# નિવેદન

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની આર્ટ્સ ફેકલ્ટીમાં ઉચ્ચ અભ્યાસ ક્ષેત્રે મારી કારકિર્દી ઘડાઇ. ગુજરાતી વિભાગમાં એમ.એ. ના અભ્યાસ દરમિયાન ગુજરાતી સાહિત્યના અનેક સાહિત્ય સ્વરૂપોનો અભ્યાસ કરવાનો આવ્યો. આ અભ્યાસ દરમિયાન અનેક સાહિત્ય સ્વરૂપોમાંથી પસાર થતાં નવલકથા તરફ મારી રસ-રુચિ ઉદ્ભવી. આથી નવલકથા પર પીએચ.ડી.નો અભ્યાસ કરવાની ઇચ્છા થઇ. પીએચ.ડી. માટે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન (યુ.જી.સી.) દ્વારા લેવામાં આવતી 'NET' ની પરીક્ષા ફેલોશિપ સાથે પાસ કરી.આ યુ.જી.સી.ની ફેલોશિપ મારા માટે માત્ર આર્થિક સહાય જ નહોતી પણ આ સંશોધનના કાર્યમાં અને કારકિર્દીમાં આગળ વધવા માટેની પ્રેરણા અને ઉત્સાહ પણ વધાર્યો.જો એ ન મળી હોત તો મારું આ સંશોધન કાર્ય ભાગ્યેજ શકય બન્યું હોત.આ સમયે હું તેમનો આભાર માનું છું.

પીએચ.ડી.ના માર્ગદર્શન માટે મેં મારા ગુજરાતી વિભાગમાં પ્રવેશ કર્યો એ જ ક્ષણે નીતા મેડમ પણ વિભાગમાં પ્રવેશયા.એમ.એ.ના અભ્યાસ બાદ તેમણે મળવાનું ભાગ્યેજ થયું હતું.હ્રદયમાં મેડમને મળવાનો આનંદ તો હતો પણ મનમાં ઘણી મૂંઝવણ પણ ઉદ્ભવી હતી. પરંતુ મેડમના ભાવભર્યા આવકારથી મારા મનને હળવાશ થઇ હતી.આ ક્ષણને હું ભૂલી શકી નથી.આ અને આવી અનેક ક્ષણો અત્યારે યાદ આવે છે કે, ટી.વાય.બી.એ.ના વર્ગમાં,એમ.એ.માં પ્રવેશ મેળવવાના પ્રવેશફોર્મ જમા કરાવવાનું હોય કે,એમ.એ.ના વર્ગમાં એમની પાસે ભણતા ભણતા કે

એમ.એ.માં પ્રથમ વર્ગમાં પાસ થવાથી વિભાગ તરફથી આપવામાં આવેલી ભેટ લેવાનાં સમયે તેમના તરફથી મળેલો આવકાર હજી યાદ આવ્યા કરે છે.આમ,અનેક રીતે પ્રો. નીતા ભગતનું વ્યકિતત્વ મને સ્પર્શતું રહ્યું છે.

નીતા મેડમે પીએચ.ડી.ના અભ્યાસ માટે માર્ગદર્શન આપવાની હા પાડતા મારા માટે ખુશીનો પાર નહોતો. આ માટે ઘણી ચર્ચા-વિચારણાઓ કરી. એ દરમિયાન મારો રસ નવલકથા પર કામ કરવાનો છે એ જાણીને તેમણે કેટલાક વિષયો સૂચવ્યાં.જેમાંથી'ભારતીયતા'વિશે નોંધ તૈયાર કરાવીને મને ચકાસી.ત્યાર બાદ તેમનાં માર્ગદર્શન હેઠળ **"ગુજરાતી નવલકથામાં ઊપસતાં ભારતીયતાનાં પરિમાણોઃ-(ગોવર્ધનરામ મા.ત્રિપાઠી,રમણલાલ વ.દેસાઇ, કનૈયાલાલ મા.મુનશી, મનુભાઇ પંચોળી(દર્શક) અને ધ્રુવ ભટ્ટની કેટલીક નવલકથાઓના સંદર્ભે)."** એ વિષય અંતર્ગત સંશોધન કાર્ય કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું.

'ભારતીયતા'ની ચર્ચા કરતાં કેટલા લેખો છે તેની શોધનો આરંભ કરતાં કરતાં ગુજરાતી નવલકથાઓમાં કાળક્રમે ભારતીયતાનાં તત્ત્વોની ચર્ચા કરતાં જેમાં,આપણા ભારતદેશ, ભારતની અસ્મિતા, ભારતદેશ સાથે જોડાયેલી સંસ્કૃતિ એ બધા પ્રશ્નો અને સમયે સમયે એમાં આવતા જતાં પરિવર્તનો એટલે કે,"પંડિતયુગથી અનુ-આધુનિકયુગ સુધીના દોઢસો વર્ષનો જે ગાળો છે એ સમયમાં આ ભારતીયતાનો વિભાવ અને પરિમાણો પણ કેવાં કેવાં રૂપે પ્રગટે છે એ તપાસવાનો ઉપક્રમ અહીં રાખ્યો છે.

આ સંશોધનનું કાર્ય ધાર્યું એટલું સહેલું ન હતું,એ દરમિયાન અનેક પ્રશ્નો અને મૂંઝવણો ઉદ્ભવતી જતી હતી.મારા અભ્યાસ માટે સતત દિશાસૂચન કરતાં રહેતાં મારા માર્ગદર્શક એ પ્રશ્નોનું સરળતાથી નિરાકરણ

લાવવા માટે માર્ગ ચીંધતા અને પ્રોત્સાહન આપતા રહેતા. નવું નવું વાંચવા માટેની પ્રેરણા તેમની પાસેથી મળતી રહેતી. આ રીતે ડગલેને પગલે ઉષ્માભર્યો સાથ સહકાર મળતો રહ્યો છે ને મારું ઘડતર થતું રહ્યું. એમના સુયોગ્ય માર્ગદર્શન વડે હું મારા આ સંશોધનના કાર્યને યોગ્ય ન્યાય આપી શકી છું. જયારે જયારે એમના ઘરે જવાનું થતું ત્યારે ત્યારે તેમના બા-બાપુજી તરફથી સ્નેહ અને હુંફ મળતા રહ્યા છે. અહીં આ સમયે તેમને સ્મરું છું. નીતા મેડમનો જેટલો ઉપકાર માનું એટલો ઓછો છે.એમની હું સદાય ૠણી છું. તેમનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

મારા આ સ્વપ્નને પૂરું કરવા માટે હંમેશા અનુકૂળતાઓ ઊભી કરી આપનાર,મારા મનમાં હંમેશા હકારાત્મક ભાવ જગાડનાર મારાં માતા કુસુમબેન અને પિતા નગીનભાઇના આશિર્વાદ સહયોગ અને પ્રોત્સાહન વગર આ કાર્ય શકય ન બન્યું હોત. મારા સંશોધનના કાર્ય માટે સતત સહકાર અને એ માટે ઉત્સાહ વધારનાર મારો ભાઇ પરિતોષ, ભાભી ભાવિકા, ભત્રીજી હીરવા તેમજ પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે સાથ સહકાર આપનાર મારા કુટુંબીજનોનો અહીં હું આભાર વ્યકત કરું છું.

મારા સંશોધનમાં રસ લેતા અને મારી પ્રગતિમાં રસ દાખવતાં રહેતાં મારા ગુજરાતી વિભાગના પ્રો. નીતા ભગત, પ્રો. ભરત મહેતા, પ્રો.રાજેશ પંડયા, પ્રો. દીપક રાવલ, ડો. દર્શિની દાદાવાલા, ડો. પુંડલિક પવાર, ડો. ભરત પંડયા, ડો. કાંતિ માલસતર, શ્રી. શકીલ કાદરી આ સર્વ અધ્યાપકો તરફથી મને મળેલી મદદ અને સાથ સહકારની અને સદ્‌ભાવનાની હું આભારી છું. વિભાગમાં સંશોધન કાર્ય કરી રહેલાં મારા મિત્રો, વિભાગના વિદ્યાર્થીઓ, અન્ય વિભાગના મારા મિત્રો,

મંગળકાકા વગેરેનો સાથ સહકાર હંમેશા મળતો રહ્યો છે. જે ભૂલી શકાય તેમ નથી.

મ.સ.યુનિવર્સિટીની આર્ટ્સ ફેકલ્ટીની ઓફિસનાં તમામ સભ્યો, યુનિવર્સિટીની હેડ ઓફિસના જી.સી.યુ. વિભાગના તમામ સભ્યોનો તથા શ્રી હેમંત ચૌહાણ, શ્રી દીલિપભાઇ વાઘેલા, શ્રી જિમ્મીભાઇ તરફથી મળેલા સાથ સહકારને અહીં સ્મરું છું.

હંસા મહેતા લાઈબ્રેરી અને ત્યાંના તમામ સ્ટાફના સભ્યોને અહીં હું યાદ કરું છું. તેમનો આભાર માનું છું.જયારે જયારે સંદર્ભ ગ્રંથોની જરૂર પડી છે ત્યારે ત્યારે તેઓની મદદ સતત મળ્યા કરી છે. તેમનાં આ સહકારથી મારા સંશોધનના કાર્ય માટે ખૂબ સરળતા પ્રાપ્ત થઈ છે.

ઉપરાંત, વડોદરાની સેન્ટ્રલ લાઈબ્રેરીનો અને ત્યાંના તમામ સભ્યોના સહકારે મારા સંશોધનના કાર્યને સરળ કરી આપ્યું હતું.તેમનો પણ હું અહીં આભાર માનું છું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રો.ડૉ.બિપિન આશર સરને આ સમયે યાદ કરું છું કે જેઓ મારા એસ.આર.એફ. માટેનો ઈન્ટરવ્યુ લેવા આવ્યા હતા ત્યારે અને એ સિવાય જયારે જયારે તેઓ વિભાગમાં આવ્યા ત્યારે ત્યારે સંશોધનના કાર્ય માટે હંમેશા પ્રોત્સાહન આપતા રહ્યા હતા. તેમજ 'ભારતીયતા'વિષય પર મેજર રીસર્ચ પૂર્ણ કરીને "ભારતીય શબ્દ અને સંવેદના" એ શીર્ષક વાળું પુસ્તક મને ભેટ આપનાર પદ્મશ્રી ડૉ.પ્રવીણ દરજી સાહેબનો પણ અહીં આભાર વ્યકત કરું છું કે તેઓ દ્વારા જયારે જયારે સંશોધનના કાર્યમાં માર્ગદર્શનની જરૂર પડી છે ત્યારે ત્યારે ઉષ્માભર્યો સાથ સહકાર મળ્યો છે. તેનું પણ મારે મન ઘણું મૂલ્ય છે.

મારા સંશોધનને મુદ્રિતરૂપ આપનાર સંતોષભાઇ પાનસે, શુભદા બેન પાનસે, કાવેરીબેન ઘોટીકર,વિપુલભાઇ બ્રહ્મભટ્ટે મારા આ કામને પ્રાથમિકતા આપીને સમયસર કાર્ય પૂર્ણ કરી આપ્યું એ બદલ તેમનો હું આભાર માનું છું.

આમ, અહીં હું મ.સ.યુનિવર્સિટીને, ગુજરાતી વિભાગને,મારા માર્ગદર્શક, વિભાગના સર્વ અધ્યાપકો,મિત્રો, અન્ય વિભાગના મિત્રો, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, દિલ્હીને, મારા સ્વજનોને મારા આ આનંદના અવસરે સહભાગી ગણું છું અને તેઓની હું અંતઃકરણથી ઋણી છું.

પટેલ મૌલિકા નગીનભાઇ

તા. ૧૦/૦૩/૨૦૧૫

સ્થળ : વડોદરા

* * *